રામલલ્લાની ભવ્ય અંગરચના

પીળી ધોતી અને લાલ અંગવસ્ત્રમ પહેરાવાયા, આ અંગવસ્ત્રો શુદ્ધ સોનાની 'જરી' અને દોરીથી શણગારવામાં આવ્યા છે, જેમાં શુભ વૈષ્ણવ પ્રતીકો-શંખ, પદ્મ, ચક્ર અને મયૂર છે

રામ લલ્લાની મૂર્તિ માટેના આભૂષણો આધ્યાત્મિક રામાયણ, વાલ્મિકી રામાયણ, રામચરિતમાનસ અને અલવંદર સ્તોત્રમ જેવા ગ્રંથોના વ્યાપક સંશોધન અને અભ્યાસ પછી તૈયાર કરવામાં આવ્યા છે

મંદિર ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, ભવ્ય અયોધ્યા મંદિરમાં પવિત્ર કરાયેલી રામ લલ્લાની મૂર્તિ માટેના આભૂષણો આધ્યાત્મિક રામાયણ, વાલ્મિકી રામાયણ, રામચરિતમાનસ અને અલવંદર સ્તોત્રમ જેવા ગ્રંથોના વ્યાપક સંશોધન અને અભ્યાસ પછી તૈયાર કરવામાં આવ્યા છે. લખનઉના હર્ષહૈમલ શ્યામલાલ જ્વેલર્સે અયોધ્યામાં રામ મંદિરમાં સ્થાપિત ભગવાન રામની મૂર્તિ માટે ઘરેણાં બનાવ્યાં હતાં. આ ઝવેરાતને ઇન્ટરનેશનલ જેમોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટ (આઇજીઆઇ) દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યું છે.

અંગવસ્ત્રો

"રામ લલ્લાને બનારસી કાપડથી શણગારવામાં આવે છે, જેમાં પીળી ધોતી અને લાલ પટકા/અંગવસ્ત્રમ હોય છે. આ અંગવસ્ત્રો શુદ્ધ સોનાની 'જરી' અને દોરીથી શણગારવામાં આવ્યા છે, જેમાં શુભ વૈષ્ણવ પ્રતીકો-શંખ, પદ્મ, ચક્ર અને મયૂર દર્શાવવામાં આવ્યા છે", તેમ મંદિર ટ્રસ્ટના સભ્યએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ વસ્ત્રો દિલ્હી સ્થિત કાપડ ડિઝાઇનર મનીષ ત્રિપાઠી દ્વારા બનાવવામાં આવ્યા હતા, જેમણે આ પ્રોજેક્ટ માટે અયોધ્યા ધામથી કામ કર્યું હતું. "આ દિવ્ય આભૂષણોની રચના આધ્યાત્મિક રામાયણ, વાલ્મિકી રામાયણ, રામચરિતમાનસ અને અલવંદર સ્તોત્રમ જેવા ગ્રંથોમાં શ્રી રામના શાસ્ત્રોક્ત રીતે યોગ્ય વૈભવના વર્ણનને અનુસરીને વ્યાપક સંશોધન અને અભ્યાસ પર આધારિત છે", એમ તેમણે ઉમેર્યું હતું.

મુકુટ

રામ લલ્લાનો મુકુટ સોનાનો બનેલો છે અને તેનું વજન આશરે 1,700 ગ્રામ છે. મુકુટની પાછળનો પ્રભામંડળ 22 કેરેટ સોનાનો બનેલો છે અને તેનું વજન લગભગ 500 ગ્રામ છે. તાજમાં અન્ય રત્નો ઉપરાંત આશરે 75 કેરેટ હીરા અને 135 કેરેટ (આશરે) ઝામ્બિયન નીલમણિ તેમજ 262 કેરેટ માણિક્ય છે. "આ મુકુટ એ ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો હતો કે તે માત્ર સાડા પાંચ વર્ષના બાળક દ્વારા પહેરાવાનો છે. અમે હિન્દુ ગ્રંથોમાંથી અને ટીવી શો રામમાંથી પણ પ્રેરણા લીધી એમ જ્વેલરે કહ્યું.

રામ લલ્લાના મુગટના કેન્દ્રમાં સૂર્ય એ સૂર્યવંશી લોગો છે જે ભગવાન રામના વંશને દર્શાવે છે. મોર, જે ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે, તે રાજવીપણાની નિશાની છે અને કેન્દ્રમાં આવેલું નીલમણિ શાણપણનું સૂચક છે, જ્યારે માણિક્ય સૂર્ય 'સૂર્ય' સાથે સંકળાયેલા રત્નો છે. મુકુટમાં વપરાતા હીરા બધા કુદરતી અને એક અબજ વર્ષ જૂના છે.

કુંડળ

કુંડળને મુગટને અનુરૂપ બનાવાયા છે.

તિલક

રામ લલ્લાનું તિલક પણ સોનામાં બનેલું છે અને તેનું વજન લગભગ 16 ગ્રામ છે. તેની મધ્યમાં એક ગોળાકાર 3 કેરેટનો કુદરતી હીરા છે અને તે આશરે 10 કેરેટ વજનના નાના હીરાથી ઘેરાયેલો છે. ઉપયોગમાં લેવાતા માણિક્ય કુદરતી બર્મીઝ માણિક્ય છે; તેઓ અજાના ચક્રને આવરી લે છે જે ભમરની વચ્ચે સ્થિત છે અને તેને અંતર્જ્ઞાન ચક્ષુ માનવામાં આવે છે.

વીંટી

રામ લલ્લા જે નીલમણિ વીંટી પહેરે છે તેનું વજન લગભગ 65 ગ્રામ છે અને તેમાં લગભગ 4 કેરેટ હીરા અને 33 કેરેટ નીલમણિ છે. રિંગની મધ્યમાં ઝામ્બિયન નીલમણિ જંગલની જીવંત હરિયાળીને આવરી લે છે જેના પર રામ લલ્લા એકવાર ચાલ્યા હતા, હરસહાઇમલ શ્યામલાલ જ્વેલર્સે જણાવ્યું હતું. રૂબી વીંટી ડાબા હાથ માટે બનાવવામાં આવે છે અને તેનું વજન લગભગ 26 ગ્રામ હોય છે. તેમાં હીરા અને માણેક બંને છે.

નેકલેસ

ટૂંકા ગોળ ગળાનો હાર સોનાનો બનેલો છે અને તેનું વજન લગભગ 500 ગ્રામ છે. તેમાં આશરે 50 કેરેટ હીરાની સાથે 150 કેરેટ માણેક અને 380 કેરેટ નીલમણિ છે. ગળાના હારની મધ્યમાં સૂર્યવંશીનો લોગો છે, જે માણેક અને નીલમણિથી બનેલા ફૂલોથી ઘેરાયેલો છે. પંચલડા (પાંચ દોર)નું વજન આશરે 660 ગ્રામ હોય છે અને તેમાં આશરે 80 કેરેટ હીરા, 60 કેરેટ પોલ્કી ઉપરાંત 550 કેરેટ નીલમણિ હોય છે. ઝવેરીએ સમજાવ્યું, "પાંચમાંથી દરેક દોર 'પંચ તત્વ' નું પ્રતીક છે, જે પ્રકૃતિના તત્વોને ભગવાન રામના દિવ્ય ગુણો સાથે જોડે છે.

વિજયમાળા

વિજયમાલા પણ 22 કેરેટ સોનાની બનેલી છે અને તેનું વજન લગભગ 2 કિલો છે. હિન્દુ પૌરાણિક કથાઓમાંથી પ્રેરિત, ગળાનો હારમાંના પાંચ પવિત્ર ફૂલો (કમલ, કુંડ, પારિજાત, ચંપા અને તુલસી) 'પંચ ભૂત'નું પ્રતિનિધિત્વ કરે છે, જે ભગવાન રામની પ્રકૃતિ સાથેની સંવાદિતાને મૂર્તિમંત કરે છે અને બ્રહ્માંડ પેન્ડન્ટનો કેન્દ્રિય ભાગ છે. શંખ અને ચક્ર, શુદ્ધતા અને સમયના શાશ્વત ચક્રને દર્શાવે છે, જે ભગવાન રામની જીત અને રક્ષક તરીકેની તેમની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. માલાની અસાધારણ લંબાઈ, તેના પગ સુધી પહોંચવી, અમર્યાદિત ભક્તિ અને નમ્રતાનું પ્રતીક છે.

કમરબંધ

સોનામાં બનેલા કમર બંધનું વજન આશરે 750 ગ્રામ છે અને તેમાં આશરે 70 કેરેટના હીરા અને આશરે 850 કેરેટના માણેક અને નીલમનો જટિલ ઉપયોગ થયો છે. પ્રાચીન ગ્રંથોમાં, કમર બંધને રાજવી અને દૈવી કૃપાના પ્રતીક તરીકે જોવામાં આવે છે, જે ઘણીવાર દેવતાઓ અને રાજાઓ દ્વારા તેમના પ્રતિષ્ઠિત કદને દર્શાવવા માટે પહેરવામાં આવે છે, તેમ ઝવેરીએ સમજાવ્યું હતું. "આ પવિત્ર આભૂષણમાં હીરાનો ઉપયોગ અતૂટ શક્તિ અને શાશ્વત ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે માણિક્ય ભગવાન રામની હિમત અને જુસ્સાને પ્રતિબિંબિત કરે છે. જ્ઞાન અને શાંતિનું પ્રતીક એવા નીલમણિ, ભગવાન રામના જ્ઞાન સાથે સંરેખિત થાય છે, અને મોતી, જે શુદ્ધતા અને લાવણ્ય દર્શાવે છે, આધ્યાત્મિક તેજમાં વધારો કરે છે. આ જટિલ રચનાઓ અયોધ્યાના ભવ્ય સ્થાપત્યથી પ્રેરિત હોઈ શકે છે, જે ભગવાન રામના રાજ્યની ભવ્યતા અને સમૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે.

અન્ય દાગીના

22 કેરેટ સોનામાં બનેલા બાજુ બંધની જોડીનું વજન લગભગ 400 ગ્રામ છે. શ્રી રામ લલ્લા દ્વારા પહેરવામાં આવતા કંગનનું વજન આશરે 850 ગ્રામ છે અને તેમાં આશરે 100 કેરેટ હીરા અને 320 કેરેટ માણિક્ય અને નીલમણિ હોય છે. પગ કુડાનું વજન આશરે 400 ગ્રામ છે અને તેમાં હીરા અને માણિક્ય કોતરવામાં આવે છે. પાયલ, અન્ય પગનું આભૂષણ, 22 કેરેટ સોનામાં બનેલું છે અને તેનું વજન આશરે 560 ગ્રામ છે.

ચરણે

ભગવાનના ચરણે સુશોભિત કમળ છે.

ડાબા અને જમણા હાથે

ડાબા હાથે સોનાનું ધનુષ છે જેને મોતી, માણેકથી શરણાગારાયું છે અને જમણા હાથે સુવર્ણ તીર છે.

રમકડાં પણ છે

આ રામલલ્લાની એટલે કે સાડા પાંચ વર્ષના રામની મૂર્તિ છે એટલે મૂર્તિ સમક્ષ ચાંદીના પરંપરાગત રમકડાં મૂકવામાં આવ્યા છે જેમાં ઘૂઘરો, હાથી, ઘોડા, ઊંટ વગેરેનો સમાવેશ થાય છે.

ટેન્ટમાં રામ લલાની જૂની મૂર્તિ હતી તે ક્યાં છે?

રામ મંદિરમાં રામ લલાની નવી મૂર્તિની સ્થાપના થઈ છે ત્યારે કેટલાંકના મનમાં પ્રશ્ન ઉઠ્યો હશે કે કામચલાઉ મંદિરમાં જે જૂની મૂર્તિ હતી તેનું શું થયું. રામ મંદિરના ગર્ભગૃહમાં રામ લલાની નવી મૂર્તિની સામે જ તે જૂની મૂર્તિને રાખવામાં આવી છે, હવે પ્રભુની તે પ્રતિમાને પણ પોતાનું સ્થાયી નિવાસ મળી ગયું છે. મૂર્તિની નીચે આભામંડળમાં લક્ષ્મણ, ભરત, શત્રુઘ્નની નાની-નાની મૂર્તિઓ પણ છે. અસલમાં જૂની મૂર્તિ બહુ જ નાની હતી અને તેને 25થી 30 ફીટના અંતરેથી જોઈ શકાય તેમ ન હતું એટલે મંદિર ટ્રસ્ટે ભવ્ય મંદિર માટે નવી પ્રતિમા બનાવવાનો નિર્ણય કર્યો હતો.

અયોધ્યા પરનું પુસ્તક, ધાતુના દીવા: મંદિર સમારંભના મહેમાનોને ભેટો અપાઈ

અયોધ્યા, તા. ૨૨(પીટીઆઈ): જેમણે અહીં મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારંભમાં હાજરી આપી હતી તે મહેમાનોને ભેટમાં અપાયેલી વસ્તુઓમાં ધાતુનો દીવો, અયોધ્યા પરનું એક પુસ્તક, એક ખાસ માળા અને ભગવાન રામનું નામ ધરાવતા એક ખેસનો સમાવેશ થાય છે.

આ ભેટો એક થેલીમાં આપવામાં આવી હતી જેના પર નવા મંદિરની ઘણી આકર્ષક છબી છે અને ભગવાન રામનું ઘણી બાલ્યાવસ્થાનું ચિત્ર છે. પુસ્તકનું નામ અયોધ્યા ધામ - ધ લોર્ડ્સ એડોબ એવું છે જેના કવર પર રામ લલ્લાની જૂની મૂર્તિની તસવીર છે. માળા એક ફેબ્રીક પાઉચમાં આપવામાં આવી છે જે પાઉચ પર ઉત્તર પ્રદેશ ટુરિઝમ લખેલું છે અને તેની ટેગલાઈન છે. મહેમાનોને ચાર લાડવાઓનું એક બોક્સ પણ અપાયું છે જેમાં ચાર લાડુ, ચિપ્સ, રેવડી, કાજુ અને કિસમીસ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અયોધ્યામાં નવનિર્મિત રામ લલા મંદિરનું આજે ઉદઘાટન થયું હતું જેમાં બાળ રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદી સહિત અનેક મહાનુભાવો આ સમારંભમાં હાજર હતા. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા અગાઉ જણાવાયું હતું કે આ સમારંભ માટે ૭૦૦૦ કરતા વધુ મહેમાનોને આમંત્રણ અપાયું હતું.

મહેમાનોને 7 વસ્તુઓનું પ્રસાદ બૉક્સ ભેટ અપાયું અને મહાપ્રસાદમાં સાત્વિક ભોજન

અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેલા 7000થી વધુ મહેમાનોને 7 વસ્તુઓ સાથેનું પ્રસાદ બૉક્સ ભેટ અપાયું હતું. આ બૉક્સમાં આ વસ્તુઓ હતી: ગુર રેવડી બે ઘી માવા લાડુ રામદાના ચિક્કી અક્ષત અને રોલી તુલસી દાલ રામ દિયા એલચીના દાણા

મહેમાનોને વધુમાં મહાપ્રસાદ, દેશી ઘીમાં રાંધેલું 'સાત્વિક' ભોજન પીરસવામાં આવ્યું હતું. આ પ્રસાદ ટેમ્પલ ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ભારતી ગરવી ગુજરાત અને સંત સેવા સંસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, ટેમ્પલ ટ્રસ્ટે લખનૌની પ્રખ્યાત મીઠાઈની દુકાન, છપ્પન ભોગમાંથી પ્રસાદના 15,000 ડબ્બા મંગાવ્યા હતા. એવું કહેવામાં આવે છે કે બ્રાન્ડે તેના માટે ચૂકવણી કરવાનો પણ ઇનકાર કર્યો હતો.

મને ભગવાન રામે પસંદ કર્યો છે: શિલ્પકાર યોગીરાજ

હું ધરતી પર સૌથી ભાગ્યશાળી વ્યક્તિ છું

અયોધ્યા, તા. 22 (પીટીઆઈ): અયોધ્યામાં નવનિર્મિત મંદિરમાં સોમવારે જે રામ લલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી તેને બનાવનાર મૈસૂર સ્થિત શિલ્પકાર અરુણ યોગીરાજે કહ્યું છે કે તે પોતાને પૃથ્વી પરનો સૌથી ભાગ્યશાળી વ્યક્તિ માને છે અને માને છે કે ભગવાન રામે તેમને આ કાર્ય માટે પસંદ કર્યા હતા.

'મને હંમેશા એવું લાગ્યું છે કે ભગવાન રામ મને અને મારા પરિવારને દરેક ખરાબ સમયમાંથી બચાવી રહ્યા છે અને હું દૃઢપણે માનું છું કે તેમણે જ મને આ શુભ કાર્ય માટે પસંદ કર્યો છે', એમ યોગીરાજે કહ્યું હતું, તેમને આ કાર્ય માટે ઘણા વખાણ મળ્યા છે.

યોગીરાજ પાંચમી પેઢીના શિલ્પકાર છે, તેઓ અહીંના ભવ્ય અભિષેક સમારોહમાં આમંત્રિતોમાં સામેલ હતા.

'પ્રતિમાને ચોકસાઈપૂર્વક બનાવવા માટે મેં કેટલીક રાતો જાગીને પસાર કરી હતી પણ તેનું વળતર મળ્યું છે. મને લાગે છે કે હું ધરતી પર સૌથી ભાગ્યશાળી વ્યક્તિ છું અને આજનો દિવસ મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ છે', એમ યોગીરાજે કહ્યું હતું.

આ ઐતિહાસિક અવસરના સાક્ષી બનવું તે યોગીરાજ માટે ગર્વની ક્ષણ છે ત્યારે તેમના પરિવાર મૈસુરુમાં આ સમારંભને ટીવી પર લાઈવ જોયો હતો.

તેમનાં પત્નીએ જણાવ્યું હતું કે મૂર્તિ બનાવતી વખતે યોગીરાજની આંખમાં પત્થરની કણી જતી રહી હતી જેને ઓપરેશન કરીને કાઢવી પડી હતી. તેમણે દુઃખાવામાં પણ મૂર્તિનું કામ ચાલુ રાખ્યું હતું.

યોગીરાજે આ પહેલાં ઘણી મૂર્તિઓ બનાવી છે જેમાં ખાસ છે, કેદારનાથમાં લાગેલી 12 ફિટની આદિ શંકરાચાર્યની મૂર્તિ, ઈન્ડિયા ગેટની નજીક લાગેલી સુભાષ ચંદ્ર બોઝની મૂર્તિ અને મૈસુરુ જિલ્લામાં લાગેલી 21 ફિટની હનુમાનજીની પ્રતિમા.